# શ્રી ઘાટકોપર કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ (મુંબઈ)

નિયુક્ત

# ચૂંટણી પંચ – 2026

પાટીદાર વાડી, એલ.બી.એસ. માર્ગ, ઘાટકોપર (પશ્ચિમ), મુંબઈ 400086.

## પરિપત્ર

## કાર્યવાહક સમિતીની ચૂંટણી

ઉપરોક્ત સમાજના સર્વે આદરણીય સભ્યોને જણાવતા આનંદ થાય છે કે ઉપરોક્ત સમાજની કાર્યકાળ તા:01/04/2026 થી તા:31/03/2029 માટે કાર્યવાહક સમિતીની ચૂંટણી પ્રક્રિયા નીચે જણાવ્યા મુજબ કરવામાં આવશે.

## સમય-પત્રક

| | પ્રક્રિયા | તારીખ | સમય |
|---|---|---|---|
| 1 | ઉમેદવારી-પત્રક સ્વીકારવા | 08/02/2026 | સાંજે 5 થી 7 |
| 2 | ચૂંટણી પંચ દ્વારા ચકાસણી બાદ યોગ્ય ઉમેદવારી પત્રકો / રદબાતલ અથવા ક્ષતિગ્રસ્ત ઉમેદવારી પત્રકો ની યાદી પ્રકાશિત કરવા | 22/02/2026 | સાંજે 6 કલાકે |
| 3 | જે ઉમેદવારનું ઉમેદવારી પત્ર ક્ષતિગ્રસ્ત/રદ્દબાતલ કરવામાં આવેલ હોય તેમને ચુંટણી પંચ સમક્ષ ખુલાસો આપવા અવસર (આ બાબત આખરી નિર્ણય ચૂંટણી પંચ અને ઉમેદવારોની (ક્ર.4 પ્રમાણેની સંયુક્ત મિટિંગમાં લેવામાં આવશે.) | 27/02/2026 | સાંજે 5 થી 7 |
| 4 | ચૂંટણી પંચ તથા ઉમેદવારોની સંયુક્ત મિટિંગ (દરેક ઉમેદવારે ઉપસ્થિત રહેવું અનિવાર્ય છે- (ગેરહાજર ઉમેદવારના ઉમેદવારી પત્રક બાબત ચૂંટણી પંચ આખરી નિર્ણય લઇ શકશે જે સૌને બંધન કરતા રહેશે .) નોંધ: ઉમેદવાર ચૂંટણી પંચને લખાણમાં જણાવીને ઘાટકોપર સમાજનો સભ્ય હોય તેવા ઓથોરાઇસ્ડ પ્રતિનિધિ દ્વારા હાજર રહી શકશે અને ઉમેદવારના ઓથોરાઇસ્ડ પ્રતિનિધિએ લીધેલ નિર્ણય ઉમેદવારને બંધનકર્તા રહેશે. | 01/03/2026 | બપોરે 3.0 થી સાંજે 6 |
| 5 | ઉમેદવારી પાછી ખેંચવાની સમય મર્યાદા (અથવા ચૂંટણી પંચ દ્વારા આપવામાં આવેલ વધારાનો ટાઇમ.) | 01/03/2026 | સાંજે 6 કલાક |
| 6 | મતદાન (જણાવેલ સમય પહેલાં હાજર થઇ જનાર મતદાતાને મતદાન કરવા દેવામાં આવશે. બપોરે જમાવાની વ્યવસ્થા વાડીમાં છે.) | 22/03/2026 | સવારે 9.0 થી બપોરે 1.00 સુધી |
| 7 | મત ગણત્રી | 22/03/2026 | બપોરે 3.00 થી |
| 8 | મતગણત્રી બાદ ચૂંટણીના પરીણામોની જાહેરાત ચૂંટણી પંચ દ્વારા કરવામાં આવશે. | | |

**સ્થળ:** ચૂંટણીની દરેક પ્રક્રીયાનું સ્થળ પાટીદાર વાડી ઘાટકોપર રહેશે.

## -:નોંધ:-

1. સમય પત્રકમાં ફેરફાર કરવાનો તથા બંધારણમાં જે બાબત સ્પષ્ટતા ન હોય તે બાબત નિયમ બનાવવાનો તેમજ તેમાં ફેરફાર કરવાનો અધીકાર ચૂંટણી પંચને રહેશે.

2. સમાજની વર્તમાન કાર્યવાહક સમિતી દ્વારા ચૂંટણી પંચને આપવામાં આવેલ યાદી પ્રમાણે ઉપરોક્ત સમાજનું તા:31/12/2025 અથવા તે પહેલાં સભ્યપદ મેળવનાર સભ્યોજ મતદાન  કરી શકશે.

3. ચૂંટણી પંચ દ્વારા ચકાસણી બાદ યોગ્ય જણાયેલ ઉમેદવારોમાંથી વધુ માં વધુ 21 ઉમેદવારોને ચૂંટવાના રહેશે.

4. વર્તમાન કાર્યવાહક સમિતી દ્વારા જારી કરવામાં આવેલ યાદી પ્રમાણે સમાજના નોંધાયેલ 18 વર્ષ પૂર્ણ કર્યાં હોય તે સભ્યો જ ચૂંટણીમાં મતદાન કરી શકશે.

5. ચૂંટણી પંચ દ્વારા ચૂંટણીના પરિણામની જાહેરાત તા:-22/03/2026ના રોજ મતગણત્રી બાદ કરવામાં આવશે. જો તા:-01/03/2026ના રોજ ચૂંટણી પંચ અને ઉમેદવારોની સંયુક્ત મીટિંગના અંતે ઉમેદવારી પાછી ખેંચ્યા પછી રહેતા ઉમેદવારોની સંખ્યા 21 કે એનાથી ઓછી રહેતી હોય તો ચૂંટણી પંચ તે દિવસે સંયુક્ત મિટિંગ ના અંતે ચૂંટણી નું પરિણામ જાહેર કરી શકશે અને તા:-22/03/2026ની પ્રક્રીયા રદ્દ ગણાશે.

6. ઉપરોક્ત સમાજમાં તા:-31/12/2025સુધી ઓછામાં ઓછા 6 (છ) વર્ષથી સભ્યપદ ધરાવતા સભ્યોજ ઉપરોક્ત ચૂંટણીમાં ઉમેદવારી કરી શકશે. ઉમેદવારી-પત્રક વોટ્સઅપ દ્વારા પ્રકાશિત કરવામાં આવશે. જેનું પ્રીન્ટ કાઢીને વાપરી શકાશે. ઉમેદવારને પ્રીન્ટેડ ઉમેદવારી પત્રક જોઇતું હોય તો ચૂંટણી પંચ તેમજ વર્તમાન કારોબારીના સભ્યો પાસેથી મેળવી શકશે. ઉમેદવાર પોતાનું ઉમેદવારી પત્રક આપવા રુબરુ આવી શકે તેમ ન હોય તો ઘાટકોપર સમાજના ઉમેદવાર એવા ઓથોરાઇસ્ડ વ્યક્તિ દ્વારા મોકલાવી શકશે.

ઉપરોક્ત ચુંટણી માટે આપ સર્વે ભાઈબહેનોને ચુંટણી પ્રક્રીયામાં સક્રીય ભાગ લેવા ચુંટણીપંચ સહર્ષ નિમંત્રણ પાઠવે છે.

## લી. આપના વિશ્વાસુ

ચુંટણીપંચ 2026  - શ્રી ઘાટકોપર કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ (મુંબઈ)] વતી

શ્રી અરુણ હંસરાજ નાકરાણી (કન્વીનર)

શ્રી છગનલાલ કાનજી પોકાર
શ્રી નરસી સામજી સેંઘાણી

શ્રી પ્રકાશ હરજી માવાણી
શ્રી રમેશ વિશ્રામ વાસાણી

મુંબઈ          તા:- 01/01/2026